# એર ઈન્ડિયાની દિલ્હી-કાબૂલ ફ્લાઈટના અપહરણની શંકા

નવીદિલ્હી,તા. ૪

દિલ્હી અને કાબુલ વચ્ચે ઓપરેશનમાં રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટોને હાઈજેક કરવાની ખતરનાક યોજના ત્રાસવાદીઓએ ઘડી કાઢી હોવાનું જાણવા મળી રહ્યું છે. જેના પરિણામ સ્વરુપે હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે. દિલ્હી-કાબુલ વચ્ચેની વિમાની સેવા પર ખતરો તોળાઈ રહ્યો છે. ગુપ્તચર સંસ્થાઓ પાસેથી માહિતી મળ્યા બાદ સાવચેતીના પગલા લેવાઈ રહ્યા છે. દિલ્હીના આઈજીઆઈ વિમાની મથક ઉપર સુરક્ષા તીવ્ર કરી દેવામાં આવી છે. યાત્રીઓની સાથે સાથે સ્ટાફના સભ્યોની પણ ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. મળેલી માહિતી મુજબ હાઈજેકિંગ માટે એર ઈન્ડિયાની ફ્લાઈટને ટાર્ગેટ બનાવી શકાય છે. ૧૯૯૯માં ત્રાસવાદીઓએ કંધારમાં આઈસી ૮૧૪ વિમાનનું અપહરણ કરી લીધું હતું. ત્રણ ખતરનાક આતંકવાદીઓને એ વખતે તત્કાલિન વાજપેયી સરકારને છોડવાની ફરજ પડી હતી. જેના બદલામાં વિમાની યાત્રીઓને ત્રાસવાદીઓએ મુક્ત કર્યા હતા. નવા ઈનપુટ આવ્યા બાદ એર ઈન્ડિયાની ફ્લાઈટોની સુરક્ષા વધારવામાં આવી છે. સત્તાવાળાઓએ મલ્ટીલેવલ ચેકિંગની વ્યવસ્થા ગોઠવી દીધી છે. વધારાની અંતિમ ચકાસણી પણ હાથ ધરાઈ છે. સિક્યુરિટી ચેકના કારણે હવે વધારે સમય લાગી શકે છે. ગ્રાઉન્ડ સ્ટાફને યાત્રીઓ વિમાનમાં બેસી ગયા બાદ તમામ કેબિન બેગને ઉંડી રીતે ચકાસવા કહેવામાં આવ્યું છે. કમાન્ડોને પણ એલએમજી ધરાવતી સાધનો સાથેના વાહનો ઉપર પેટ્રોલિંગ માટે કહેવામાં આવ્યું છે. ઘણા ફ્લાઈટ માર્શલો પણ રાખવામાં આવ્યા છે. કેબિન ક્રૂને તોફાની તત્વોની પ્રવૃત્તિ ઉપર નજર રાખવા કહેવામાં આવ્યું છે. ૧૯૯૯માં આતંકવાદીઓએ કંધારમાં આઈસી ૮૧૪નું અપહરણ કરી લીધું હતું. આવી જ યોજના ફરી ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા ભારતના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં મુખ્ય મહેમાન બનનાર છે જેથી દિલ્હી શહેરમાં પણ ખતરાની સ્થિતિ રહેલી છે. જો કે, સમગ્ર દિલ્હી પહેલાથી જ છાવણીમાં ફેરવી દેવામાં આવી છે. ઓબામાની સુરક્ષાને લઈને પણ પગલા લેવામાં આવી રહ્યા છે.




## ૧૨ ભારતીય માછીમારો સાથે બે બોટ પાકિસ્તાને પકડી પાડી

નવીદિલ્હી,તા.૪

પાકિસ્તાન મેરીટાઈમ સિક્યુરિટી એજન્સીએ અરેબિયન દરિયામાં ૧૨ ભારતીય માછીમારોને બે બોટ સાથે પકડી લીધા છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, આ માછીમારોને કસ્ટડીમાં લઈ લેવાયા છે. નવા વર્ષની પૂર્વ સંધ્યાએ ગુજરાતના દરિયા કાંઠે પોરબંદર નજીકે પાકિસ્તાનથી આવતી ફિશિંગ બોટનો પીછો કરી તેને પકડી પાડવાના પ્રયાસ બાદ આ બોટમાં રહેલા લોકોએ તેને ફૂંકી માર્યાના બનાવ બાદ પાકિસ્તાની સત્તાવાળાઓએ બે ભારતીય બોટને પકડી પાડી છે. બીજી બાજુ રહસ્યમય બોટના કાટમાળમાં તપાસ ચાલી રહી છે. બોટમાં રહેલા ચાર શખ્સોના મૃતદેહની શોધખોળ પણ ચાલી રહી છે. બોટમાં રહેલા શખ્સોનો ઈરાદો શું હતો તેને લઈને પણ ત્યારબાદ જ માહિતી મળી શકશે. કોસ્ટ ગાર્ડે પેટ્રોલિંગની પ્રવૃત્તિ તીવ્ર બનાવી દીધી છે. પ્રવાસી ભારતીય દિવસ અને વાયબ્રન્ટ



ગુજરાત કાર્યક્રમના અનુસંધાનમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ સરહદ ખાતે મજબૂત સુરક્ષા રાખવામાં આવી છે. પેટ્રોલિંગ અને હવાઈ સુરક્ષા મજબૂત કરવામાં આવી છે. આ બંને કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અન્ય કેટલાક વિદેશી નેતાઓ ભાગ લેનાર છે. સર્ચ ઓપરેશન ફૂંકી મરાયેલી બોટના કાટમાળને શોધી કાઢવા ચાલી રહી છે. કોસ્ટગાર્ડના કમાન્ડર કુલદીપસિંહે આ મુજબની માહિતી આપી છે. પાકિસ્તાની મેરીટાઈમ સુરક્ષા દ્વારા પકડી પાડવામાં આવેલા ભારતીય માછીમારો અંગે માહિતી મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. પાકિસ્તાની મેરીટાઈમ સિક્યુરિટી દ્વારા અગાઉ પણ ભારતીય માછીમારોને કેટલીક વખત પકડી પાડવામાં આવ્યા છે. બંને દેશોમાં એકબીજાના માછીમારો રહેલા છે. સમજૂતિ હેઠળ વારંવાર મુક્ત પણ કરવામાં આવે છે.

## શારદા કૌભાંડ : સીબીઆઈના દુરુપયોગને લઈ તૃણમુલ ખફા

કોલકાતા , તા.૪

સમગ્ર દેશને હચમચાવી મુકનાર શારદા ચીટ ફંડ કૌભાંડમાં સીબીઆઈના કેન્દ્ર સરકાર દ્વારા દુરુપયોગ સામે સુપ્રીમ કોર્ટમાં જવા માટે તૃણમુલ કોંગ્રેસે તૈયારી કરી લીધી છે. શારદા ચીટ ફંડ કૌભાંડમાં તૃણમુલના અનેક નેતાઓ સકંજામાં આવી ગયા છે. તૃણમુલના મોટા નેતાઓ પણ સકંજામાં આવ્યા છે. ટીએમસીના રાજ્યસભાના સભ્ય અને પક્ષના પ્રવક્તા ડેરેક ઓબ્રાયને કહ્યું છે કે, શારદા કૌભાંડમાં અમારી સામે સીબીઆઈનો ઉપયોગ સંસ્થાનો દુરુપયોગ રાજકીય દ્વેષ માટે કઇ રીતે કરી શકાય છે તેનો એક ક્લાસિક કેસ છે. તૃણમુલ કોંગ્રેસ સુપ્રીમ કોર્ટમાં જવા સહિતના વિકલ્પો ચકાસી રહી છે. શારદા તપાસમાં રાજકીય દ્વેષભાવ સાથે કેન્દ્ર સરકાર આગળ વધી રહી છે. બ્રાયનનું કહેવું છે કે, ખુબ જ ગંભીરતિ આનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અનેક લોકોની ધરપકડ કરવામાં આવી ચુકી છે. સીબીઆઈના ઘણા ટોચના નેતા અને પ્રધાનોની ધરપકડ પણ કરવામાં આવી ચુકી છે. શારદા કૌભાંડમાં સામેલ હોવાનો આક્ષેપ પક્ષના નેતાઓ ઉપર થઇ ચુક્યો છે. આ કૌભાંડમાં કેન્દ્ર સરકાર અને મમતા બેનરજી પણ આમને સામને આવી ચુક્યા છે. તેમની ધરપકડ કરવા મમતા બેનરજી દ્વારા કેન્દ્ર સરકારને ખુલ્લો પડકાર પણ ફેંકવામાં આવ્યો છે. આગામી દિવસોમાં કોર્ટમાં પણ કેન્દ્ર અને તૃણમુલ કોંગ્રેસ આમને સામને આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. કારણ કે, તૃણમુલ દ્વારા સીબીઆઈના દુરુપયોગ સામે સુપ્રીમ કોર્ટમાં જવાના વિકલ્પ ઉપર ચકાસણી કરાઈ રહી છે. શારદા કૌભાંડને લઇને બંગાળમાં પણ રાજકીય અનિશ્ચિતતા છે.

## કોંગીને સજીવન કરવા માટે બ્લુપ્રિન્ટ માર્ચ સુધીમાં જારી

નવી દિલ્હી,તા. ૪

હાલમાં જ લોકસભાની ચૂંટણી અને ત્યારબાદ કેટલાક રાજ્યોમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો સતત સફાયો થયા બાદ અનેલોકોમાંતેની પ્રતિષ્ઠા એકદમ ખરાબ થઈ ગયા બાદ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ ગ્રેોથી જૂની પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા અને તેને મજબુત કરવા માટે કમર કસી લીધી છે. કોંગ્રેસમાં નવા પ્રાણ ફૂંકવા માટે માર્ચ સુધી સોનિયા ગાંધી બ્લુપ્રિન્ટ જારી કરશે. પક્ષની સ્થિતિને મજબુત કરવા ગ્રાસરૂટના વર્કરોના અભિપ્રાય મેળવી લેવા માટે રાજ્ય એકમના વડાઓને સોનિયા ગાંધીએ સુચના આપી છે. જિલ્લા અને બ્લોક લેવલ પર ફિડબેક મેળવી લેવા પક્ષના જનરલ સેક્રેટરીઓને આદેશ હાલમાં રાહુલ ગાંધીએ પણ આપ્યો હતો. હવે સોનિયા ગાંધીએ વિધિવત રીતે તેમને પત્ર લખીને સાથે સાથે રાજ્યના વડાઓને પત્ર લખીને તેમના મત માગ્યા છે. ફેબ્રુઆરીના અંત સુધી તેમના અભિપ્રાય આપી દેવા માટે કહેવામાં



આવ્યું છે. માર્ચ મહિનામાં એઆઈસીસીની બેઠક યોજાય તેવી શક્યતા છે. જેમાં આ સુચન પર ચર્ચા હાથ ધરવામાં આવનાર છે.

આશરે એક સપ્તાહ પહેલાથી જ એઆઈસીસીના જનરલ સેક્રેટરી, સચિવો અને પીસીસી વડાઓને આદેશ આપી દેવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ ૨૪મી ડિસેમ્બરના દિવસે પક્ષના નેતાઓ સાથે લાંબી વાતચીત કરી હતી. જેમાં પાર્ટીના કંગાળ દેખાવના મામલે ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લા અને બ્લોક લેવલના નેતાઓ સાથે વાતચીત કરીને તેમના અભિપ્રાય બે મહિનામાં મોકલી દેવા તે બેઠકમાં કહેવામાં આવ્યું હતું. ફિડ બેક આવ્યા બાદ એક્શન પ્લાન તૈયાર કરવામાં આવનાર છે. બુકલેટના સ્વરૂપમાં સુચન મંગાવવામાં આવ્યા છે. રાહુલ ગાંધી હવે પાર્ટીને મજબુત કરવાના પ્રયાસમાં લાગી ગયા છે. તમામ રાજ્યોના ૪૦૦થી નેતાઓ સાથે વાતચીત કર્યા બાદ રાહુલે બ્લોક અને જિલ્લામાંથી ફિડબેક મેળવી લેવા અલગ બેઠકમાં જનરલ સેક્રેટરીઓને આદેશ કર્યો હતો.



શિમલા નજીક કૂફ્રી ખાતે બરફ વર્ષાથી લોકો પોતાના વાહનોની બ્હાર નીકળી બર્ફાચ્છિત માર્ગો પર આનંદ કરવા માંડયા હતા.

# બેંકોની હડતાળને ટાળવાના હેતુથી આજે મહત્વની બેઠક

નવી દિલ્હી,તા.૪

સાતમી જાન્યુઆરીના દિવસે યોજાનારી સુચિત હડતાળને ટાળવાના હેતુથી આવતીકાલે સોમવારના દિવસે બેંક મેનેજમેન્ટ અને યુનિયન વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. જેમાં પગાર વધારા સહિતના તમામ પાસા પર ચર્ચા કરવામાં આવનાર છે. જો કે હાલમાં બન્ને પક્ષો પોત પોતાના વલણ પર મક્કમ દેખાઈ રહ્યા છે. જેથી કોઈ સમસ્યાનો ઉકેલ આવશે કે કેમ તે અંગે વાત કરવી વહેલી તકે રહેશે. કર્મચારી યુનિયનો અને મેનેજમેન્ટની સર્વોચ્ચ સંસ્થા વચ્ચે આ બેઠક યોજનાર છે. આ બેઠકમાં અન્ય તમામ પાસા પર ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા છે. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈસ એસોસિએશનના જનરલ સેક્રેટરી વેંકટચલમે માહિતી આપતા કહ્યુ હતુ કે શ્રમ મંત્રાલય હેઠળ કામ કરનાર કમીશનર દિલ્હીમાં પાંચમી જાન્યુઆરના દિવસે બેઠક બોલાવી છે. સાતમી જાન્યુઆરીના દિવસે એક દિવસની હડતાળની હાકલ કરવામાં આવી છે. નવેમ્બર ૨૦૧૨થી પેન્ડિંગ રહેલા તેમના પગાર વધારાની માંગણીના સમર્થનમાં આ હડતાળ પાડવામાં આવી રહી છે. જો વિવાદનો ઉકેલ નહી આવે તો ૨૧મી જાન્યુઆરીથી ચાર દિવસ માટે હડતાળ પાડવામાં આવનાર છે. યુએફબીયુ દ્વારા ૨૩ ટકાના પગાર વધારાની માંગ કરવામાં આવી છે. પરંતુ મેનેજમેન્ટની સર્વોચ્ચ સંસ્થા ઈન્ડિયન બેંક એસોસિએશન પગારમાં આશરે ૧૧ ટકા વધારો કરવાની ઈચ્છા ધરાવે છે. વેંકટચલમે કહ્યું છે કે ઉંચા ફુગાવા અને ભાવ વધારાના કારણે હવે પગારમાં વધારો જરૂરી બન્યો છે. કર્મચારીઓના વર્કલોડમાં પણ નોંધપાત્ર વધારો હવે થઈ ચુક્યો છે. યુનિયનો સૌથી પહેલા વિવાદનો ઉકેલ નહી આવે તો સાતમી જાન્યુઆરીથી એક દિવસની હડતાળ પાડશે. ત્યારબાદ ૨૧મી જાન્યુઆરીથી ચાર દિવસની હડતાળ પાડશે. જો સમસ્યા પગાર વધારા પણ નહી ઉકેલાય તો પગાર વધારાના મુદ્દાને લઈને ૧૬મી માર્ચથી અચોક્કસ મુદતની હડતાળ પણ પાડવામાં આવનાર છે. ગયા નવેમ્બરમાં આ મુદ્દાને લઈને જ બેંક કર્મચારીઓ એક દિવસની હડતાળ પર ગયા હતા. હવે ફરી હડતાળ કરવા કર્મચારીઓ તૈયાર થઈ ગયા છે. જો કે આવતીકાલની બેઠક પર તમામની નજર રહેશે.

## પાકિસ્તાનમાં હવાઈ હુમલામાં ૩૧ ત્રાસવાદીનો ખાતમો થયો

પેશાવર, તા.૪

પાકિસ્તાને હિંસાગ્રસ્ત અફઘાન સરહદ ઉપરના આદિવાસી વિસ્તારોમાં હુમલાઓનો દોર જારી રાખ્યો છે. પાકિસ્તાને કરેલા હવાઈ હુમલામાં ૩૧ ત્રાસવાદીઓના મોત થયા છે. બીજી બાજુ અમેરિકાએ પણ એક ડ્રોન હુમલો કર્યો છે જેમાં બીજા સાત આતંકવાદીઓ માર્યા ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાનના એવા કેટલાક વિસ્તાર છે જ્યાં મોટાપાયે ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે.

પાકિસ્તાની પોલીસ કમાન્ડોમાં હવે નવી ભરતી થઈ રહી છે. શનિવારના દિવસે મોડી રાત્રે આ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા જેમાં ચાર આતંકવાદી અડ્ડાઓ અને એક આત્મઘાતી બોંબ ટ્રેનિંગ સેન્ટરને ફૂંકી મારવામાં આવ્યું હતું. તિરા ખીણમાં આ હવાઈ હુમલા કરાયા હતા. ખેબર પ્રદેશના તિરા ખીણમાં હવાઈ હુમલા થયા હતા. પાકિસ્તાની સેનાનું કહેવું છે કે, માર્યા ગયેલાઓમાં કેટલાક આત્મઘાતી બોંબરો પણ હતા. પડોશી ઉત્તરીય વઝિરિસ્તાનમાં ભીષણ હુમલો કરીને ફરાર થયેલા ત્રાસવાદીઓના ખાતમો બોલાવવાના હેતુસર ખેબરમાં ઓપરેશન હાથ ધરાયું હતું. ઉત્તરીય વઝિરિસ્તાન પ્રદેશમાં ૧૫મી જૂન ૨૦૧૪ના દિવસે સમગ્ર ઓપરેશન હાથ ધરાયું હતું. સેનાનું કહેવું છે કે, ૧૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. ગયા મહિનામાં પાકિસ્તાનના પેશાવરમાં આર્મી સ્કૂલ ઉપર તાલિબાની ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો જેમાં મોટાભાગના સ્કૂલી બાળકો સહિત ૧૫૦થી વધુ લોકો માર્યા ગયા હતા. આ હુમલો ખેબરમાંથી જ કરાયો હોવાની માહિતી મળી છે. જેના લીધે અફઘાનિસ્તાન અને પાકિસ્તાનને સરહદ ઉપર સક્રિય ત્રાસવાદી સંગઠનો સામે વધારે કઠોર કાર્યવાહી કરવાની ફરજ પડી રહી છે. અમેરિકાએ પણ ડ્રોન હુમલો આજે વહેલી સવારે કર્યો હતો. ઉત્તરીય વઝિરિસ્તાનના દત્તાખેલ વિસ્તારમાં આ હવાઈ હુમલો કરાયો હતો. જેમાં અન્ય ચાર આતંકવાદીઓ ઘાયલ પણ થયા હતા.

## જાપાની ટ્યુરિસ્ટ ઉપર રેપ અંગે પાંચ ઝડપાયા

કોલકાતા,તા. ૪

બિહારમાં ટ્યુરિસ્ટ હબ તરીકે ગણાતા બોધગયામાં પારો ગામમાં જાપાનની એક વિદ્યાર્થીની ઉપર મહિના સુધી બળાત્કાર ગુજારવાના સંદર્ભમાં પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. બોધગયામાં આશરે એક મહિના સુધી તેને બાનમાં પકડી રાખીને તેના ઉપર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. ૨૨ વર્ષીય જાપાની ટ્યુરિસ્ટ કોલકાતામાં સૌથી પહેલા પહોંચી હતી જ્યાં તેના કેટલાક મિત્રો પણ રહેલા છે. બંદૂકની અણીએ આ ગેંગે રેપ ગુજારવામાં આવ્યો હતો. બનાવને લઈને ભારે ખળભળાટ મચી ગયો હતો. ડિસેમ્બર મહિનામાં આ બનાવ બન્યો હતો પરંતુ કોલકાતા પોલીસની ટીમ અને બોધગયા પોલીસની ટીમને હવે અપરાધીઓને પકડી પાડવામાં સફળતા મળી છે. પાંચ શખ્સોને પકડી પાડવામાં આવ્યા છે. ૨૦મી નવેમ્બરના દિવસે આ જાપાની વિદ્યાર્થીની આવી હતી તે સુદેર ખાતેની એક હોટલમાં રોકાઈ હતી. ૧૨મી નવેમ્બરના દિવસે આ વિદ્યાર્થીની પાસે કેટલાક શખ્સો પહોંચ્યા હતા. ટુર ગાઈડ બનીને આ શખ્સો પહોંચ્યા હતા. બોધગયાથી શખ્સોના સકંજામાંથી જાપાની મહિલા આખરે છુટીને વારાણસી પહોંચી હતી જ્યાં તે કેટલાક જાપાની પ્રવાસી મિત્રોને મળી હતી અને તેમની મદદથી કોલકાતાનો સંપર્ક થયો હતો.



એક જ્વેલરી પ્રદર્શનમાં હિરા જડિત સોનાથી બનાવેલા ગેટ વે ઓફ ઈન્ડિયા એ મુલાકાતીઓમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું.

## આરોગ્ય ખર્ચને લઈને લાખો લોકો મુશ્કેલીમાં

નવીદિલ્હી, તા. ૪

આરોગ્ય સંભાળને લઈને જંગી ખર્ચના પરિણામ સ્વરૂપે દર વર્ષે ૬૩ મિલિયન લોકો ગરીબીનો સામનો કરી રહ્યા છે. આરોગ્ય મંત્રાલય દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. વિવિધ સરકારી યોજનાઓ લોકો માટે શરૂ કરવામાં આવી છે. નેશનલ હેલ્થ પોલિસીના મુસદ્દામાં જણાવવામાં આવ્યું છે કે, પોસાય તેવા ભાવ ઉપર દવા ઉપલબ્ધ બને તેવા પ્રયાસ થઈ રહ્યા છે. દવાને લઈને ખર્ચને લઈને મુશ્કેલી સર્જાયેલી છે. હેલ્થકેર ઉપરે પોકેટ ખર્ચની હિસ્સેદારીને લઈને ખુબ જ જટિલ સ્થિતિ રહેલી છે. લોકોના અભિપ્રાયે આરોગ્ય મંત્રાલય દ્વારા માંગવામાં આવ્યા છે. આરોગ્યની સુવિધા તમામ લોકોને સરળતાથી મળે તેવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. દર વર્ષે ગરીબીના પરિણામ સ્વરૂપે મોટી સંખ્યામાં લોકો ગંભીર બિમારીની સારવાર કરાવી શકતા નથી જેથી મોત પણ થાય છે. આરોગ્ય અંગેનો ખર્ચ અગાઉ કરતા અનેકગણો વધ્યો છે. સરકારી હોસ્પિટલમાં પણ ખર્ચનો આંકડો ખુબ ઉપર જઈ રહ્યો છે. આવી સ્થિતિમાં આરોગ્ય ઉપર ખર્ચની બાબત ગરીબ ઉપરાંત મધ્યમવર્ગના લોકો માટે પણ મુશ્કેલરૂપ બની છે.

## બીપીઓ સ્થાપિત કરવા માટે ટુંકમાં માર્ગદર્શિકા જારી

નવી દિલ્હી, તા. ૪

ઉત્તરપ્રદેશ, બિહાર અને ઓરિસ્સા જેવા રાજ્યોમાં નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારમાં બીપીઓ સ્થાપિત કરવા માટે મોદી સરકાર ટુંક સમયમાં માર્ગદર્શિકા જારી કરશે. માર્ગદર્શિકા તૈયાર કરવાની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. આ માર્ગદર્શિકા પહેલી એપ્રિલ ૨૦૧૫થી અમલી બનાવાય તેવી શક્યતા છે. ટેલિકોમ પ્રધાન રવિ શંકર પ્રસાદે કહ્યું છે કે દેશભરમાં નાના ટાયર-૨ અને ટાયર-૩ શહેરોમાં બીપીઓ સ્થાપિત કરવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. ઉત્તરપ્રદેશ, બિહાર, ઓરિસ્સા જેવા રાજ્યોમાં માર્ગદર્શિકા જારી કરવામાં આવનાર છે. તેમણે એમ પણ કહ્યું હતુ કે આ શહેરોમાં બીપીઓ સ્થાપિત કરવાથી આ તમામ જગ્યાએ આર્થિક સ્તરને અપગ્રેડ કરવામાં ખુબ મદદ મળશે. તેમણે એમ પણ કહ્યું હતુ કે રોજગારીની વધારે તક સર્જાવામાં આવનાર છે. આના કારણે લોકો તેમના વિસ્તારમાથી હિજરત કરશે નહી અને તેઓ ત્યાં જ નોકરી કરી શકશે. દિલ્હી, બેંગલોર અને મુંબઈ જેવા મોટા શહેરોમાં રોજગારી શોધવા માટે તેમને જવુ પડશે નહી. ડિજીટલ ઈન્ડિયા પ્રોગ્રામની દિશામાં આ મોટુ પગલુ રહેશે. આના કારણે ટાયર-૨ અને ટાયર-૩ શહેરોને જોડવામાં મદદ મળશે. વૈશ્વિક નકશા સાથે દેશમાં આ શહેરોને જોડી શકાશે. સરકાર રાજ્ય સરકારો સાથે બીપીઓ સ્થાપિત કરવાના મુદ્દા પર ચર્ચા કરી રહી છે. ૨૪ કલાક વિજળી અને અન્ય માળખાકીય સુવિધાની જેમ જ આ મુદ્દાને પણ હાથ ધરવામાં આવનાર છે.

## અંતે વાઢેરાને વેચવાયેલી જમીનની સોદાબાજી રદ

બીકાનેર,તા.૪

રાજસ્થાન સરકારે રોબર્ટ વાઢેરાની કંપની સાથે થયેલી જમીન સોદાબાજીને રદ કરીને ફરી જમીન પર કબજો કરી લીધો છે. રાજસ્થાન સરકારે બીકાનેરના કોલાયત ક્ષેત્રમાં ૩૬૦ હેકટર જમીન માટેની સોદાબાજીને રદ કરી દીધી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આશરે ૭૫ હેકટર જમીન કોંગ્રેસના અધ્યક્ષ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની એક કંપની દ્વારા ખરીદવામાં આવી હતી.

કોલાયતના એસડીએમ રણસિંહે કહ્યું છે કે અમે જમીનની સંપત્તિના હસ્તાંતરણની પ્રક્રિયાને રદ કરી દીધી છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે માહિતી આપતા કહ્યું છે કે ખોટી રીતે પ્રાઈવેટ લોકોને જમીન આપી દેવામાં આવી હતી. માહિતી મુજબ કેટલાક લોકોએ બનાવટી વિસ્થાપિત ખેડુત બનીને જમીનની ફાળવણી કરાવી લીધી હતી. મોડેથી આમાંથી કેટલીક જમીન વાઢેરાન કંપની સ્કાયલાઈટ દ્વારા ખરીદી લેવામાં આવી હતી. જો કે તેમણે કહ્યું છે કે રદ કરવામાં આવેલી સોદાબાજીમાં કેટલીક જમીન રોબર્ટ વાઢેરાની છે. સુત્રોએ કહ્યું છે કે વાઢેરાની કંપની સ્કાયલાઈટ દ્વારા વર્ષ ૨૦૧૦માં કોલાયતના ગોલારી, ઈન્દોકા બાલ અને મધ ગામમાં ૭૪.૮૫ હેકટર જમીન ખરીદવામાં આવી હતી. જમીન સોદાને લઈને હોબાળો થયા બાદ કંપનીએ આ જમીન વેચી મારી હતી.